**રાજય સરકારના તા.૧–૮–૦૭ ના રોજ યા ત્યાર પછી નિવૃત્ત થતાં કર્મચારી / અધિકારીઓના કોમ્યુટેડ વેલ્યુ ઓફ પેન્શન (C.V.P.) તથા <u>ગ્રેજયુઈટીની રકમનું ચૂકવણું કરવા બાબત.</u>**

## હિસાબ અને તિજોરી નિયામકની કચેરી

ગુજરાત રાજય, **'વીમા અને લેખા ભવન'**,
બ્લોક નં.૧૭, ડો.જીવરાજ મહેતા ભવન સંકુલ, ગાંધીનગર.

**પરિપત્ર ક્રમાંક : હિતિનિ/ટી.સી/ફા.૧૨૬/૧૧૫૪/૫૯૪૦ થી ૬૦૦૩**

તારીખ :–૧૧–૭–૨૦૦૭.

**:: <u>પરિપત્ર નંબર :– ૨૦ / ૨૦૦૭</u>**

નાણા વિભાગના તા.૧૪–૬–૦૭ ઠરાવ ક્રમાંક : તજર–૧૦૨૦૦૭–૧૮૬–ઝ અન્વયે રાજય સરકારના પેન્શનરોને નિવૃત્તિ લાભના ચૂકવણાં ઝડપથી અને સરળતાથી મળે તેવો રાજય સરકારનો અભિગમ છે અને તેને અનુલક્ષીને સરકારશ્રી ધ્વારા વખતોવખત જરૂરી આદેશો કરવામાં આવેલ છે. આ સંદર્ભમાં તિજોરી સૂધારણાં (Treasury Refoms) ની પ્રક્રિયાના એક ભાગ તરીકે હાલની કોમ્યુટેડ વેલ્યુ ઓફ પેન્શન (C.V.P.) તથા ગ્રેજયુઈટીની રકમની ચૂકવણીની પ્રથાની સમીક્ષા કરતાં હાલની પ્રથામાં સૂધારો કરવો જરૂરી જણાયેલ છે. આ બાબતે કાળજીપૂર્વકની પુખ્ત વિચારણાને અંતે કેન્દ્ર સરકારની નીતિના ધોરણે, રાજય સરકારના નિવૃત્ત થતાં કર્મચારી/અધિકારીઓને કોમ્યુટેડ વેલ્યુ ઓફ પેન્શન (C.V.P.) તથા ગ્રેજયુઈટીની રકમ ઝડપથી અને સરળતાથી તથા સાચી અને હકકદાર વ્યકિતને જ ચૂકવાય તે માટે સંબંધકર્તા ઉપાડ અને વહેંચણી અધિકારી ધ્વારા ચૂકવવાની પ્રથા અમલમાં મૂકવા ઉકત ઠરાવમાં દર્શાવેલ જોગવાઈઓને અનુરૂપ નીચે મુજબ સૂચના આપવામાં આવે છે.

- ❖ પેન્શન પે ઓર્ડર ઈસ્યૂ કરનાર સત્તાધિકારી (અર્થાત નિયામકશ્રી, પેન્શન અને પ્રો.ફંડ તથા જિલ્લા સહાયક નિરીક્ષકની કચેરી, સ્થાનિક ભંડોળ હિસાબ) ધ્વારા તા.૧–૮–૦૭ ના રોજ યા પે પછી નિવૃત્તિની તારીખ ધરાવતાં તમામ કિસ્સાઓમાં કોમ્યુટેડ વેલ્યુ ઓફ પેન્શન (C.V.P.) તથા ગ્રેજયુઈટીની રકમનું ચૂકવણું સંબંધકર્તા કચેરીમાંથી કર્મચારી/અધિકારી નિવૃત્ત/વયનિવૃત્ત થયે તેમને જ ચૂકવવા અધિકૃત કરવાના રહેશે.
- ❖ હવે પછી ઉકત તારીખના તમામ કોમ્યુટેડ વેલ્યુ ઓફ પેન્શન (C.V.P.) તથા ગ્રેજયુઈટીની ચૂકવણીની ઓથોરીટી તે મુજબ રવાના કરવી.

- નિવૃત્તિની તારીખ પહેલાં જે કિસ્સામાં અગાઉ કોમ્યુટેડ વેલ્યુ ઓફ પેન્શન (C.V.P.) તથા ગ્રેજ્યુઈટીની અધિકૃતિ રવાના થઈ ગઈ હોય / રવાનામાં હોય (કચેરી પાઈપલાઈન – અન્ડર ઈસ્યૂ) તો તે પ્રવર્તમાન પ્રથા મુજબ જિલ્લા તિજોરી કચેરીમાં મોકલી શકાશે.
- તા.૧–૮–૦૭ થી રવાના થતી તમામ અધિકૃતિઓ સંબંધકર્તા ઉપાડ અને ચૂકવણાં અધિકારીઓને મોકલવાની રહેશે.
- ઠરાવમાં સૂચવ્યા મુજબ તિજોરીમાંથી ગ્રેજ્યુઈટીની રકમ ઉગવવામાં માટે જી.ટી.આર.ફોર્મ–૫૮ તથા કોમ્યુટેડ વેલ્યુ ઓફ પેન્શન (C.V.P.) ની રકમ ઉગવવા માટે જી.ટી.આર.ફોર્મ–૫૮(એ) ની પ્રિપ્રિન્ટેડ નકલો જિલ્લા તિજોરી / પી.એ.ઓ. કચેરી કક્ષાએ ઉપલબ્ધ કરવામાં આવી રહી છે. આથી સંબંધકર્તા ઉપાડ અને ચૂકવણાં અધિકારીએ સરળતા ખાતર જિલ્લા તિજોરી કચેરીમાંથી આ ફોર્મ મેળવી શકશે.
- તિજોરી અધિકારીએ ઠરાવમાં દર્શાવેલ જી.ટી.આર.ફોર્મ–૫૮ તથા ફોર્મ–૫૮(એ) ને નમૂનામાં રજૂ થયેથી બિલ પાસ કરવાનું રહેશે. પ્રિપ્રિન્ટેડ બિલનો આગ્રહ રાખવો જરૂરી નથી.

નિયામક.

પ્રતિ,

(૧) નિયામકશ્રી, પેન્શન અને પ્રો.ફંડની કચેરી, 'વીમા અને લેખા ભવન', ગાંધીનગર.
(૨) પગાર અને હિસાબ અધિકારીશ્રી, પી.એ.ઓ.કચેરી, અમદાવાદ / ગાંધીનગર.
(૩) શ્રેયાન/જિલ્લા તિજોરી અધિકારીશ્રી, જિલ્લા તિજોરી કચેરી, .................. (તમામ)
(૪) જિલ્લા સહાયક નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, ................. (તમામ)
(૫) તિજોરી અધિકારીશ્રી(પેન્શન), પેન્શન ચુકવણાં કચેરી, અમદાવાદ.
(૬) વડી કચેરીની તમામ શાખાઓ.